# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 18-07-2025** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Friday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા**વાંચે છે.

---

સમાચારનાં અંતે

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

---------------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# STATE RAIN

રાજ્યમાં વરસાદનું જોર ઘટ્યું છે. ત્યારે આજે બપોરે 2 વાગ્યા સુધીમાં માત્ર 14 તાલુકામાં સામાન્ય વરસાદ નોંધાયો છે. આ સાથે રાજ્યમાં અત્યાર સુધી મોસમનો કુલ સરેરાશ વરસાદ 51 ટકા જેટલો થયો છે. બીજી તરફ, હવામાન વિભાગે 21 જુલાઈ સુધી માછીમારોને દરિયો ન ખેડવા સૂચના આપી છે.

દરમિયાન મહેસાણાનો ધરોઈ બંધ આજે સવારે આઠ વાગ્યા સુધીમાં 74 ટકા જેટલો ભરાઈ ગયો છે.

. . . . . . . . . . .

# ARVALLI BRIDGE NIRIKSHAN

અરવલ્લીનાં કલેક્ટર પ્રશસ્તિ પારીકે મોડાસા તાલુકાના સબલપુર ખાતે આવેલા બ્રિજનું નિરીક્ષણ કર્યું. દરમિયાન આ બ્રિજ જર્જરિત હાલતમાં હોવાનું જણાતા તેને તાત્કાલિક બંધ કરવાનો આદેશ અપાયો છે.

બ્રિજની માળખાગત સ્થિતિ અને સ્થાનિક રહેવાસીઓની સલામતીને ધ્યાને રાખી આ નિર્ણય લેવાયો હોવાનું  કલેક્ટર પ્રશસ્તિ પારીકે જણાવ્યું.

(BYTE- PRASHASTI PAREEK, DISTRICT COLLECTOR, ARVALLI)

. . . . . . . . . . .

# ROAD REPAIR

ગાંધીનગરમાં મહાનગરપાલિકાની દેખરેખ હેઠળ રસ્તાઓના સમારકામની કામગીરી ચાલી રહી છે. ત્યારે ગાંધીનગર તાલુકાના પોર ગામને જોડતા રસ્તા પર પણ ખાડાઓ પૂરવામાં આવ્યા. જિલ્લાના વિવિધ સ્થળોએ ડામર અને કપચીના મિશ્રણનો ઉપયોગ કરી માર્ગ પર પડેલા ખાડાઓને સમથળ કરવામાં આવી રહ્યા છે.

ડાંગ જિલ્લામાં પણ મુખ્ય અને આંતરિક માર્ગો તથા બ્રિજનું નિરીક્ષણ અને સમારકામ હાથ ધરાયું છે. તાજેતરમાં જિલ્લા પંચાયતના બાંધકામ વિભાગના કાર્યપાલક ઈજનેર અને તેમની ટુકડી દ્વારા આહવા-વઘઈ રોડ પરના દાવ-દહાડ ગામને જોડતા ખાપરી નદી પરના બ્રિજનું નિરીક્ષણ કરાયું.

. . . . . . . . . . .

# PURAK PARIKSHA RESULT

રાજ્યમાં જૂન-જુલાઈ મહિનામાં લેવાયેલી ધોરણ 10ની પૂરક પરીક્ષાનું પરિણામ 27 પૂર્ણાંક 61 ટકા રહ્યું છે. સત્તાવાર યાદી મુજબ, પરીક્ષા માટે નોંધાયેલા એક લાખ 24 હજાર 58 પરિક્ષાર્થીમાંથી 93 હજાર 904 ઉમેદવારે પરીક્ષા આપી હતી. તે પૈકી 25 હજાર 929 પરિક્ષાર્થીઓ પ્રમાણપત્ર મેળવવાને પાત્ર થયા છે. પરીક્ષામાં વિદ્યાર્થિનીઓનું 31 પૂર્ણાંક 65 ટકા અને વિદ્યાર્થીઓનું 25 પૂર્ણાંક 38 ટકા પરિણામ જાહેર થયું છે.

. . . . . . . . . . .

# MEHSANA URBAN BANK ELECTION

મહેસાણાની અર્બન બૅન્કમાં ડિરેક્ટર પદની આઠ બેઠક માટે આગામી ત્રીજી ઑગસ્ટે પેટા-ચૂંટણી યોજાશે. આજે છેલ્લા દિવસ સુધી કુલ 37 ઉમેદવારીપત્ર ભરાયા છે. હવે 21 જુલાઈએ ઉમેદવારીપત્રોની ચકાસણી થશે. જ્યારે 25 જુલાઈ સુધી ઉમેદવારીપત્ર પરત ખેંચી શકાશે. અમારા પ્રતિનિધિ જયંતી ચૌધરી જણાવે છે, એક લાખથી વધુ સભાસદ ધરાવતી આ બૅન્કમાં ડિરેકટર બનવા બે પૅનલ બની છે.

. . . . . . . . . . .

# BHAVNAGAR ACCIDENT

ભાવનગરમાં એક અકસ્માતમાં 62 વર્ષનાં મહિલા અને 23 વર્ષના યુવકનું મોત થયું છે. અમારા પ્રતિનિધિ સુરેશ ત્રિવેદી જણાવે છે, કાળિયાબીડ વિસ્તારમાં શક્તિ માતાના મંદિર નજીકથી પસાર થતી એક કારના ચાલકે કાબૂ ગુમાવતાં અકસ્માત સર્જાયો. આ કારની કેટલાક વાહનો અને લોકો સાથે ટક્કર થતાં બે લોકોએ જીવ ગુમાવ્યા છે. જ્યારે ઈજાગ્રસ્ત થયેલા ત્રણ લોકોને હૉસ્પિટલ ખસેડાયા છે. પોલીસે આ અંગે વધુ તપાસ હાથ ધરી છે.

. . . . . . . . . . .

# SURENDRANAGAR DIGITAL SURVEY

સુરેન્દ્રનગર જિલ્લામાં એગ્રિસ્ટેક યોજના અંતર્ગત વર્ષ 2025-26માં ખરીફ મોસમ માટેની ડિજિટલ પાક મોજણી એટલે કે સરવેની કામગીરી હાથ ધરાઈ રહી છે. દરમિયાન તાલુકાકક્ષાએથી નક્કી થયેલા મોજણીદાર દ્વારા તમામ ગામના મોજણી નંબર મુજબ, પાકના વાવેતરની મોજણી કરવામાં આવી રહી છે.

મોજણીની કામગીરી દરમિયાન ખાનગી મોજણીદાર કે VCEને સહકાર આપવા ખેડૂતોને અનુરોધ કરાયો હોવાનું સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

. . . . . . . . . . .

# SoU NURSING COUNCIL

નર્મદાના સ્ટેચ્યૂ ઑફ યુનિટી એકતાનગર ખાતે આજે ધી ટ્રેઈન્ડ નર્સ એસોસિએશન ઑફ ઇન્ડિયા- T.N.A.I.ની વિદ્યાર્થી પાંખની 22-મી દ્વિવાર્ષિક પરિસદ યોજાઈ, જેમાં એક હજાર 800થી વધુ નર્સિંગ વિદ્યાર્થીએ ભાગ લીધો. તમામ લોકોએ રાષ્ટ્રીય એકતા પરેડ મેદાન ખાતે હાથમાં છત્રી લઈને "જલ હૈ તો કલ હૈ, કેચ ધ રેઈન અને અંગદાન" માટે લોકજાગૃતિનો સંદેશ પ્રવાસીઓને આપ્યો.

સરદાર વલ્લભભાઈ પટેલની 150-મી જન્મજયંતીને લઈ આ સંદેશ પ્રસારવવામાં આવ્યો હોવાનું આંતરરાષ્ટ્રીય નર્સિંગ પરિસદના બૉર્ડ સભ્ય ટી. દિલીપ કુમારે જણાવ્યું.

**(BYTE: T. DILIP KUMAR, BOARD MEMBER, INTERNATIONAL NURSING COUNCIL)**

. . . . . . . . . . .

# PENSION ADALAT

અમદાવાદમાં શાહીબાગ ખાતે સ્પીડપૉસ્ટ ભવનમાં આગામી 12 ઑગસ્ટે પૅન્શન અદાલત યોજાશે. અદાલતમાં નીતિ વિષયક મુદ્દા સિવાયના પૅન્શનને લગતા અન્ય મુદ્દાઓ સંબંધિત ફરિયાદોનો નિકાલ કરાશે. લોકોએ આગામી 31 જુલાઈ સુધી પોતાની ફરિયાદો શાહીબાગના સ્પીડપૉસ્ટ ભવન ખાતે મોકલી આપવાની રહેશે તેમ સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

. . . . . . . . . . .